# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૧ અંક : ૨૭૨

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩
**email : hydkmm@gmail.com**

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ
કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર....

થોડા દિવસ પહેલા વાંચેલ કે કોઈ શહેરમાં કીંડર ગાર્ડનની ફી રૂા. બે લાખ જેટલી છે. વાંચી મને આશ્ચર્ય સાથે દુખ થયું. નાના બાળકની બાળપોથીની ફી આટલી હોવી જોઈએ ?

એક સમય એવો હતો જ્યારે જનતા માટે શિક્ષણ તેમજ માવજત બને કાર્ય રાજ્યની જવાબદારી રહેતી. શિક્ષણ ફી અથવા નજીવી ફી થી રહેતું અને જનતા માટે હોસ્પીટલોમાં ટ્રીટમેન્ટો પણ સાધારણ ખર્ચમાં થતી આ કાર્યમાં ઘણી સેવાભાવી સંસ્થાઓ પણ જોડાતી. હાલ મોટા ભાગની સ્કુલ-કેલેજો તેમજ હોસ્પિટલો પ્રાઈવેટ થઈ જતા સ્કુલ ફીસ તથા દર્દીની સારવાર મધ્યમ વર્ગ માટે પહોંચ બહાર થઈ ગયેલ છે.

આવા કપરા સમયમાં આપણા જેવી સંસ્થાઓએ આગળ આવી શિક્ષણ તથા માવજત માટે સહાયરૂપ થવા પુરી પુરી કોશિષ કરવી જોઈએ જે આપણે કરી રહ્યા છીએ. આ ઉદ્દેશની પુરતી માટે આપણે આપણા સભ્યોના બાળકોના શિક્ષણાર્થે સહાયની અપિલ કરેલ છે, જેની આ અંકમાં અન્યત્રે વિગત આપેલ છે. આપ સહુ સભ્યોને આમાં જોડાવા હાર્દિક અપીલ.



Birds Need You this summer...
This summer heat may
Cross 45 Degrees.
Many birds die due to lack of water

**Please Keep a bowl of Water in your Terrace or Balcony... Save Them..**

## સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

***"Water Water Everywhere,
Nor any drop to drink..."***

***- Rime of the Ancient Mariner, a poem by samuel Taxlor Coleringe.***

ઈ.સ. ૧૭૯૭ માં લખાયેલ આ કવિતા રૂપી વાર્તા એક નાવિકની છે. સઢ વાળા વહાણમાં નાવિક અન્ય સાથે દરિયાની મુસાફરીએ નિકળેલ. દિશા ભુલાઈ ગઈ, હવા બંધ થઈ જવાથી મધ દરિયે વહાણ અટકી ગયેલ. સાથે લઈ ગયેલ પીવાનું પાણી ખુટી ગયેલ અને નાવિકો પાણી માટે વલખા મારવા લાગ્યા. વહાણની આજુ બાજુ અફાટ દરિયાનું પાણી હોવા છતાં, નાવિકો પાસે પીવાનું એક ટીપુ પાણી ન હતું.

આજે દુનિયામાં ઘણા ખરા દેશો સાથે, આપણા દેશની પણ હાલત પાણી માટે ચીંતાજનક છે. ચોમાસામાં વરસાદ આવે છે, એટલો બધો આવે છે, કે નદીઓના પુરમાં હજારો ગામો, ખેતરો જાનવરો વગેરે પાણીમાં ડુબી જાય છે અને બચાવ કાર્યોમાં સરકાર અબજો રૂપિયા ખર્ચે છે. ઉનાળો આવે છે અને પાણીની ખેંચ ઉભી થાય છે તે એટલે હદ સુધી કે, અમુક પ્રદેશમાં લોકો માટે પાણીના ટેન્કરો / ટ્રેનો પણ મોકલવી પડે છે.

આવું કેમ બને છે ?

હમણાજ એક સંસ્થાએ દુનિયાના મોટા શહેરોની પાણીની સમસ્યા અંગે સર્વે કરેલ જેમાં દુનિયાના દસ શહેરોના નામ આપેલ છે જ્યાં પાણીની સમસ્યા થોડા વર્ષોમાં ગંભીર બની જશે. સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગ શહેરની પરિસ્થિતિ ગંભીર છે. ઈંડિયામાં બેંગ્લોરનું નામ આ લીસ્ટમાં છે. બીજા શહેરોમાં પણ પાણીનું સંકટ ચિંતા જનક રહેશે. થોડા દિવસ પહેલા વાંચેલું, આપણા દાદા પર-દાદા પીવાનું પાણી નદી કે કુવામાંથી ભરતા, હાલ આપણને નળમાંથી પાણી છુટથી મળી રહે છે. આવતા વર્ષોમાં આપણા પરપોત્રાને કદાચ બોટલોમાંજ પાણી મળશે એ દિવસ દુર નથી.

ઉનાળાની શરૂઆત થઈ છે. પાણી સાચવીને વાપરવાની જરૂરત છે. જાગૃત નહીં રહીએ તો ભવિષ્યમાં આપણી આગળની પેઢીને પાણી કેવી રીતે મળી શકશે તેની તો કલ્પના જ કરવી રહી.

**ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ...**

એકદમ ગરમાગરમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન થેપલા, જુવાર તથા બાજરાના રોટલા પણ મળશે. ભોજન સંબંધી કોઈ પણ પ્રકારના નાના ઓર્ડર માટે સંપર્ક કરો. ઘરે બેઠાં - બેઠાં ટિફિન મંગાવો અને જમવાનો આનંદ લો...

**સંપર્ક : પુષ્પા હસમુખ ગાલા, ૯૨૯૦૪ ૪૩૩૬૪, ૯૨૪૭૧ ૩૮૯૫૫** (જા.ખ.)



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

નાણાકીય વર્ષ ૨૦૧૭ પુર્ણ થયેલ છે. મંદી મોંઘવારી અને નોટબંદીની ઘણી અસર સર્વત્ર છવાયેલ રહી. આવી પરિસ્થિતિમાં આવક અને જાવક ઉપર ચીવટ પુર્વક અધ્યયન કરી કાર્ય કરવામાં આવેલ છે, ભવન બુકીંગ વધારા માટે સતત પ્રયત્ન ચાલુ છે, નોન મેમ્બર બુકીંગ માટે નવા દરો અને પેકેજસ આ વર્ષ માં અમલ કરવામાં આવેલ છે.

તા. ૧૫–૩–૨૦૧૮ ના મહિલા સમિતિ આયોજીત કાર્યક્રમ અને તા. ૨૫–૩–૨૦૧૮ ના શાન્તિવન સમિતિ આયોજીત કાર્યક્રમ ખુબજ સફળ રહેલ.

યુવા વર્ગ ખુબજ સહજતાથી મંડળના કાર્યોમાં જોડાઈ રહેલ છે, એમનો પ્રોત્સાહન વધારવા, એક ક્રીકેટ ટીમ આ માસ દરમ્યાન કચ્છી પ્રીમીયર લીગ સાંગલી માટે મોકલાવવામાં આવી રહેલ છે, સીલેક્શન માં આ યુવાઓએ નામ નોંધાવેલ જેમનું સીલેક્શન તા. ૧–૪–૨૦૧૮ ના દિવસે કચ્છી ભવનમાં રાખવામાં આવેલ હતુ. શ્રી સમીર બેડેકર અને શ્રી પરેશ ગાલાના માર્ગદર્શન માં ટીમ સીલેક્ટ કરવામાં આવી હતીજે તા. ૬–૪–૨૦૧૮ નાં દિવસે સાંગલી રવાના થઈ ૯–૪–૨૦૧૮ ના પરત આવશે. આ કાર્ય માટે શ્રી હેમાંગભાઈ મોમાયા અને શ્રી મંથન ગંગર અને શ્રી અંકીત વોરાનું સાથ રહેલ.

આ કાર્ય માટે શ્રી હેમાંગભાઈ મોમાયા પરિવાર વતિ રૂા. ૧૧૦૦૦/– તથા માસ્ટર શ્રેય રાહુલ કેશવજી છેડા પરિવાર વતિ રૂા. ૧૧૦૦૦/– નું સ્પોંન્સરશીપ પ્રાપ્ત થયેલ છે બન્ને પરિવારનો આભાર.

ગેસ્ટ હાઉસ મધ્યે જરૂરીયાત મુજબ રીપેરીંગ અને કલરનું કાર્ય વિચારાધીન છે. સમય અનુસાર કાર્ય ચાલુ કરવામાં આવશે. ફેમીલી મેડીકલ ઈન્વેસ્ટીગેટીંગ કાર્ડ રીનીવલ કરવામાં આવી રહેલ છે, મેમ્બરો ને વિનંતી પોતાના કાર્ડ વહેલી તકે રીનીવલ કરાવી લે. વિદ્યાર્થી વર્ગ પરીક્ષાઓના કાર્યમાં પોતાનું સમય આપી સફળતાઓની નવી ક્ષિતીજો સર કરવામાં ધ્યાન આપી રહેલ હશે.

*શિક્ષણ આજના જમાનામાં અત્યંત જરૂરી અને આવશ્યક થઈ ગયેલ છે, શિક્ષણના દરેક ક્ષેત્રોમાં ફીસ અને ખર્ચ ખુબજ વધી જવા પામેલ છે, મંડળ ધ્વારા આપવામાં આવતી રાહતોમાં વધારો કરવા હેતુ એક અપીલ નિયાપોમાં આપવામાં આવેલ પણ આ અપીલનું પ્રતિસાદ મેમ્બર પરિવારો ધ્વારા નબળો રહેવા પામેલ છે.*

*ફરી એકવાર આપ સૌ મેમ્બર પરિવારોને વિનંતી, આ કાર્ય માટે આપ આગળ આવી શિક્ષણ સહાય ના કાર્યમાં સહયોગી બનો જેથી શિક્ષણ સહાય માટેની નવી તકો આપણે મંડળના વિદ્યાર્થીઓ માટે શરૂ કરી શકીયે.*

દરેક સમિતિ સંચાલક એમના કાર્યો ખુબજ મહેનતથી આયોજન કરી રહેલ છે અને મંડળના સભ્યો એમા ભાગ લઈ એમનો પ્રોત્સાહન હમેશા વધારી રહેલ છે, નવા વર્ષમાં નવા કાર્યો માટે પૂરી ટીમ સજ્જ છે.

શિક્ષણ સહાય અપીલના પ્રતિસાદ રૂપે નીચે મુજબ પરિવારો તરફથી મંડળને અનુદાન પ્રાપ્ત થયેલ છે, સર્વ પરિવારોનું આભાર.

| | |
|---|---|
| ૧) શ્રી પ્રવીણ કુમાર જયચંદ બોરીચા પરિવાર | રૂા. ૧૧૦૦૦.૦૦ |
| ૨) શ્રી હીતેન મણીલાલ સંઘોઈ પરિવાર | રૂા. ૧૧૦૦૦.૦૦ |
| ૩) શ્રી ભાણજી ખેરાજ ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ | રૂા. ૧૧૦૦૦.૦૦ |

# GANDHI GYAN MANDIR YOGA KENDRA

INVITES YOU ALL (YOUND AND OLD)
WITH FAMILY AND FRIENDS (LADIES & GENTS)
THROUGH ANCIENT & YET NEW SCIENCE OF YOGA
TEL : 040-6673 5331, 9246182484, 92462 02484
WEBSITE : YOGASIMPLIFIED.COM, EMAIL : YOGANAND4U@YAHOO.CO.IN

- ✓ Internationally reputed Yoga Institute with "World Record" of 43 years of Continuous Yoga Practice Without A single Holiday.
- ✓ More than 4 Lakhs people trained to practice Yoga for happy & Healthy life in 12 Batches daily from 4 am to 8 pm
- ✓ More than 2000 teachers trained to serve all over the world in 94 Batches.

**Contact for Yoga at Your Home.**

*Hello! School Students....*

*Want to enjoy your vacations*
*and also learn many new Arts & Crafts ???*

**Then join the special Annual Summer Camp**

# GRISHMA SHIBIRAM

*at Gandhi Gyan Mandir*

*From 18th April Onwards... Daily 10.00 am to 5.00 pm*

*For Boys & Girls 4-15 yrs.*





Pure Veg. & Healthy Lunch
Limited Seats. First Come First Serve.
1000sq. feet of Vast Area.
Well qualified Teachers for all activities.

**31st Year of service to School Students.**

(જા.ખ.)









# માનવ મિત્ર સમિતિ

સંચાલક : હરિલાલ ભીમશી સાવલા

આપને જણાવતા હર્ષ થાય છે, માનવમિત્ર સમિતિની સ્થાપનાને ૨૨ વર્ષ પુરા થાય છે. જોત જોતામાં સમય નીકળી જાય છે. આપ સૌ અમારી સમિતિને હરહમેશ સાથ–સહકાર આપ્યો છે જેથી અમને કાર્ય કરવાનો ઉમળકો હરહમેશ રહે છે. આપ સૌ સભ્યોને વિનંતી કે આવોજ સાથ સહકાર હરહમેશ આપતા રહેશો. તે ઉપરાંત મૂઠીભર અનાજ યોજનાને પણ ૧૫ વર્ષ પુરા થાય છે. મૂઠીભર યોજનાના વોલીન્ટર ભાઈ–બહેનોને તેમના કાર્ય કરવાનો હજી વધુ મોકો મળે એજ અભ્યર્થના.

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| સ્વ. શ્રી ચંદ્રકાંત નાનજી દેઢિયા, બુજપુર | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | - | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી ચંદ્રકાંત પાલણ | | ૧૦૦૦ | | | | |
| એક સદગ્રહસ્થ | | | | ૫૦૦ | | |

**ઉપરોક્ત દાતાઓને તેમના અનુદાન માટે આભાર...**

# મહિલા સમિતિ

સંચાલિકા : દર્શના સાવલા
ફોન : ૯૦૩૦૧ ૧૪૫૪૫

## શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ દ્વારા ''વુમન્સ ડે''

તા. ૧૫ મી માર્ચના રોજ 'શ્રીદેવીની' થીમ પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૫ શ્રીદેવીના બેસ્ટ ડ્રેસને ગીફ્ટસ આપવામાં આવ્યા હતા. લગભગ ૩૦૦ જેટલા મેમ્બરોએ હાજરી આપી હતી. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણ મુખ્ય વક્તાઓએ આવીને વિવિધ ક્ષેત્રે માર્ગદર્શન આપ્યુ હતું. જેમાં ડૉ. સમિતા પંડ્યાએ સિગ્નેચર અને ઓરા, ઈન્દિરા અગ્રવાલે બ્યૂટી ટીપ્સ ''મેક યોર કિચન યોર સલુન'' તથા જેની જ્યોતિએ રોશની ઓન ફિઝિકલ એન્ડ મેન્ટલ વેલનેસ પર વક્તવ્ય આપ્યું હતું. સહુએ આ કાર્યક્રમને ખૂબજ આનંદ સાથે માણ્યો. કાર્યક્રમને અંતે સહુએ અલ્પાહાર લઈ વિદાય લીધી હતી.

સ્ત્રી માતા બનીને બાળકને જન્મ આપનારી,
બહેન બનીને બાપનું નામ રોશન કરનારી,
દીકરી બનીને બાપનું નામ રોશન કરનારી,
કુલવધુ બનીને પરિવારની સંભાળ રાખનારી,
પત્ની બનીને પતિનો સહારો બનનારી,

આમ, એક સ્ત્રી તરીકે આવી અનેક જવાબદારી નિભાવનારી સ્ત્રી.
આપણા સમાજની બધીજ સ્ત્રીઓને **''વુમન્સ ડે''** ની બેસ્ટ વીશીસ આપીએ છીએ.

CC | CA Dipti Chheda's CONCEPT CLASSES

*Conceptual Teaching - The way towards Excellence.*

**FOR COMMERCE & CA COACHING**

# 11th & 12th MATHS & ACCOUNTS BATCH

***(WITH SPECIAL EMPHASIS ON MATHS FORMULAE'S, ACCOUNTS CONCEPT FOR BOARD EXAMS & OVERALL PERSONALITY DEVELOPMENT.)***

## CA FOUNDATION & CA IPCC FOR NOV 18 EXAM

- **GRAND BOOSTER EXAMS FOR MAY 18 CA IPCC FROM 16.4.2018.**
- Daily home work checking & revision classes before exam.
- Weekly chapter wise class test with detailed suggested answers.
- Limited students per batch.
- AC classroom with Library & Reading Room facility available.
- **Regular Self grooming sessions on Public Speaking, Etiquette, Building Self Confidence...**

## Contact : 9394393770

**Address: CONCEPT CLASSES, Opp.Agra sweets, Nallakunta OU Road, Hyderabad. E Mail: chheda.dipti@gmail.com**

(જા.ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

તા. ૨૫ માર્ચના યોજવામાં આવેલ શાંતિવન સમિતી ના ગેમ્સબોન્ડ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે શ્રીમતી મીરા સુરેશ તથા અતિથી વિશેષ શ્રીમતી મોના અરવિંદ શાહ પધાર્યા હતા અને એમના વક્તવ્યમાં શાંતિવન સમિતિના કાર્યક્રમને જોઈ તેઓએ કહ્યું કે ખરેખર અહિંયા આવી ખુબજ શાંતી લાગે છે. વડિલોને એમના રોજીંદા જીવનમાંથી હલ્કા ફુલ્કા થઈ પોતાના ઉમરના સહભાગીઓ સાથે આવા મનોરંજન પૂર્વક કાર્યક્રમ માણવામાં તથા ભાગ લેવાનો આનંદ અનેરો જ છે, બધાના ચેહરા પર આનંદની મુસ્કુરાહટ છે. તેઓએ સંચાલક તથા એમની ટીમના ઘણાજ વખાણ કર્યા  તથા એમણે પોતાની પણ સભ્ય થવાની ઈચ્છા દર્શાવી.

બરોબર છ ના ટકોરે રાષ્ટ્રગીત શરૂ કરવામાં આવેલ. સંચાલકે આવેલ સભાસદોને ઉમળકાભેર અવકાર્યા. ત્યારબાદ શ્રી હિતેનભાઈ તથા મહેન્દ્રભાઈએ રમતગમતના બધા નિયમો સમજાવી દીધા. ૨૦ – ૨૦ જણના છ ગ્રુપ બનાવી ૧૧ વિવિધ ગેમ્સ રમાડી. એનો આયોજન એવો હતો કે ટીમનો પ્રત્યેક જણ ગેમમાં સહભાગી થાય. બરોબર નવ વાગ્યા સુધી (ત્રણ કલાક) કાર્યક્રમ ચાલ્યો, વચમાંથી કોઈ પણ ઉઠી ને ગયેલ નહી. સ્કોરની નોંધણી શ્રીમતી દર્શનાબેન દેઢીયા કરતા હતા. છેલ્લે એમણે પહેલી, બીજી તથા ત્રીજી વિજેતા ટીમ જાહેર કરેલ. વિજેતા ગ્રુપના પ્રત્યેક મેમ્બરને ઈનામો આપવામાં આવ્યા અને ગ્રુપ ફોટો કાઢવામાં આવેલ. કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રી તલકશીભાઈ ગડા શ્રી શાંતિલાલભાઈ મારૂ તથા શ્રી હરીલાલભાઈ સાવલાની હાજરી નોંધણીય હતી. શાંતિવન સમિતિના પ્રવૃત્તીઓને જીવિત રાખવા એમણે સંચાલકશ્રીને ભલામણ કરી. વડીલશ્રી રમેશભાઈ શાહ, શ્રી ચીમનલાલ ગાલા તથા શ્રી હર્ષદભાઈ ધરોડે હમેશાની મુજબ હાજરી આપી કાર્યક્રમને પ્રોત્સાહિત કરેલ.

કાર્યક્રમના જનક શ્રીમતી નીતાબેન માલદે તથા શ્રી હિતેનભાઈ સંઘોઈએ પોતાના આઈડિયા બાજ ભેજામાંથી સેલેક્ટ કરી બધી ગેમ્સની રચના કરી હતી. કાર્યક્રમનો સંચાલન શ્રી મહેન્દ્રભાઈ વોરાએ પોતાની આગવી શૈલીથી કરેલ. સંપૂર્ણ કાર્યક્રમને ફોટોગ્રાફીમાં કેદ કરનાર શ્રી ધીરજભાઈ ધુલ્લા પોતાના પુત્રની પરીક્ષાઓ હતી છતા એમને સાથે લાવી ફોટોગ્રાફીનો કાર્ય કરેલ. હાજરી રજીસ્ટ્રેશન શ્રીમતી કાન્તાબેન દંડ, શ્રી રમેશભાઈ સાવલા, શ્રી દિનેશભાઈ દેઢિયા, શ્રીમતી સુશીલાબેન સાવલા છેલ્લે સુધી બેસીને રજીસ્ટ્રેશન તથા કુડકુપનના વિતરણનું કામ સહજતાથી હાથ ધરેલ. અલ્પાહારની વ્યવસ્થામાં શ્રી દિપકભાઈ માલદે, શ્રી રમેશભાઈ સાવલા તથા શ્રી સંજયભાઈ સાવલાએ જરાપણ ઉણપ આવવા દીધી નથી. સ્વરૂચી ભોજન પીરસી ને નિલગીરીવાલા શ્રી હસમુખભાઈ  તથા શ્રી તનસુખભાઈ બંધુઓએ કેટરીંગ કરી આપેલ. ડેકોરેશન શ્રીમતી ભારતીબેન નાગડા એ ગેમ્સબાન્ડ અનુરૂપ બ્લેક એન્ડ વ્હાઈટ કલરમાં બહુજ સુંદર રીતે કરી આપેલ.

કાર્યકાલ ૨૦૧૭ – ૨૦૧૮ ના આ ત્રીજા અને છેલા કાર્યક્રમમાં સહકારમાં વૉલિન્ટીયર શ્રીમતી હીનાબેન સંઘોઈ, શ્રી જીતેન્દ્રભાઈ ગાલા,  કુમારી ભારતીબેન ધરોડ, શ્રીમતી ગ્રીષ્માબેન મોતા જેવા યુવા કાર્યકર્તાઓએ કાર્યક્રમ નો ભાર સફળતાપૂર્વક  ઉપાડી લીધેલ.

આ કાર્યક્રમના સ્પોન્સર હતા શ્રી શાંતિલાલ મણિલાલ વોરા, પરફેક્ટ પેકેજીંગ કાં, શ્રી શાંતિલાલ પ્રેમજી ગોગરી તથા એક સદગૃહસ્થ ભાઈ હતા. સૌનો ખૂબ ખૂબ આભાર...

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ઓટસ મખાના લાડુ
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શિયાળુ પાક)
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

**સ્પેશીયલ અડદિયાપાક**
**સ્પેશીયલ ખજુર પાક**

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા મેથી મસાલા ખાખરા ચોરાફળી ખાખરા સાદા ખાખરા, ઘી ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA**
**89857 59320, 82477 89295**

(જા. ખ.)

## Shanti PRIMARY SCHOOL

સંચાલકઃ હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

**School has reached the fag end of this academic year 2017 - 2018 by celebrating its 12th Annual Day Programme held on 20th March 2018. Our president Mr. Kirti Kumar Tokarshi Kapadia, Vice President Mr. Suresh Chand Hirji Gosar, Managing Trustee Mr. Sushil Dhirajlal Kapadia, Secretary Mr. Pankaj Hirji Savla, Mr. Pradeep Keshavlal Sanghvi, Mr. Harilal Bhimsi Savla, Mr. Ramesh Manilal Shah, Mrs. Darshana P. Savla, Mr. Ankit Nitin Vora & other committee members graced the occasion with their presence.**

**The most anxiously awaited programme commenced with a warm welcome dance. Mahavir vandana which was followed by various colourful dances depicting various festivals of India. School Annual Magazine was inaugurated which was published for the first time this year. Graduation ceremony was held for Class V students where in students were given certificate for successful completion of primary schooling and as a blessing for their future.**

**Prizes were distributed to all the winners of competitions held in school. All the students were given chocolates as gift sponsored by Mr. Suresh Chand Hirji Gosar and family. All the staff members of the school were given momentoes as a token of appreciation by Mr. Hanskumar Raichand Sayla. As a token of appreciation teachers were sponsored for picnic to Ramoji Film City by Matushree Lataben Manikant Momaya.**

**After the colourful and dazzling 12th Annual Day programme, the students are busy with their fast approaching final exams which will be held from 3rd April to 13th April.**

**We hope to see every child on the very first day of the next academic year (Second week of June) fully refresh, enthusiastic, eager and committed to be a better student.**

**ADMISSIONS ARE IN PROGRESS.**

**ઘરનું બનેલુ શુધ્ધ ધાણાજીરૂ ને**
**છાશનો મસાલો મળો**
**સંધ્યા દેસાઈ – ૮૭૧૨૫ ૬૬૦૩**
(કચ્છ)

# નવકાર સ્ટોર્સ (ઉંઝાવાલા)

ઊંઝા નુ પ્રખ્યાત મશીન ક્લીન :

જીરૂ, વરીયાળી, સુવા, તલ, અલસી, મેથી, રાઈ, હીંગ,

**ધાણા દાળ, અજમો તથા ધાણા વગેરે મળશે.**

**સેકેલી સુવા, વરીયાળી, તલ ના ઓર્ડર લેવામાં આવશે.**

સ્થળ : ચૈતન્ય પુરી જૈન મંદિરની સામે, મારૂતિનગર, કોતાપેટ, હૈદ્રાબાદ

ફોન : અરૂણા ધરમશી - ૭૦૧૩૬ ૯૦૧૨૭

નરેશ ધરમશી - ૯૯૧૩૯ ૭૨૮૦૦, ૭૯૯૦૮ ૭૪૫૯૪

(જા.ખ.)

**NAVKAR STORES (Unjhawala)**

**Unja's Famous Machine Clean Spices:**

**Opp. Jain Temple, Chaitanyapuri, Maruti Nagar, Kothapet, Hyderabad.**

**Ph : Aruna Dharamshi - 70136 90127, Naresh Dharamshi - 99139 72800, 79908 74594**



# SADUPYOG

**(Helping Hands are better than Praying Lips)**

***Make Life Meaningful....***

**Contribute your last year school, College & P.G. Books, Uniform, Note Books, Text Books, School Bag, Tiffin Box, Stationary, Water Bottels, Toys & Games, Shoes Socks. to make some one's life meaningful.**

**Collection Date : 15th April 2018 to 20th April 2018.**
**Timings : 10.00 am to 12.00 noon & 5.00 pm to 7.00 pm**

**DROPPING CENTER :**

- **Shutter Opp. Uma Residency, near Jain Temple, Kachiguda, Hyderabad (M.No. 98491 64221)**
- **Naresh Shah (Momaya) Residence near Guru Mandir, Chaitanyapuri, Hyderabad (M.No. 98490 68221)**

**WE ARE DOING OTHER ACTIVITIES TOO. FOR FURTHER DETAILS CONTACT :**

**Hiten Sanghoi - 98491 64221** **Bhavana Chheda - 90005 66535**
**Jyothi Gala - 90300 68050** **Poonam Dedhia - 92465 68353**

(જા.ખ.)

# K.M.M. EDUCATIONAL SPONSORSHIP - APPEAL

**An organization's ability to prosper is directly dependent upon its member's education, and the best way to prosper is by investing in the education of the members of our society.**

**"Shri Kutchi Mitra Mandal" Hyderabad has been providing educational Aid to our members since past Several Years & Sikshan Samiti is taking care of all proceeding and also providing INTEREST FREE LOAN for education. Many students have availed this Facility. Our aim is that no child of our member should forgo education for want of funds.**

**Mandal wants to do more and you can help by donating Rs. 11,000/- (Rs. Eleven Thousand only) per Child (Members can sponsor any number of children). Please note that your donations will go a long way in helping us to keep providing educational aid and at the same time, you will benefit by getting Tax Exemption. We hope for your continued support for this project.**

FOR FURTHER ENQUIRIES YOU MAY CONTACT :

**PANKAJ H. SAVLA - 9849747625**

**SMT. VASANTI SHAH - 9849547543**

# કે.એમ.એમ.શિક્ષણ સહાય માટે અપિલ

આપ સૌ જાણો જ છો કે કચ્છી મિત્ર મંડળ હમેશા બાળકોનાં ભવિષ્યનો વિચાર પહેલાજ કરે છે. અને એમાં આપણી શિક્ષણ સમિતિ બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કરે છે અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આગળ વધારવા માટે બનતી બધી જ કોશિષ કરે છે.

**જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા માટે આપણને હજુ આર્થિક મદદની જરૂર છે. એ માટે કચ્છી મિત્ર મંડળ આપની સમક્ષ એક યોજના રજુ કરે છે, જેમાં એક વિદ્યાર્થીનો ખર્ચ રૂા. ૧૧૦૦૦/– છે. તો આપ સૌને વિનંતિ છે કે તમે આ યોજનામા જોડાવ અને એક વિદ્યાર્થી અથવા તેથી વધારે વિદ્યાર્થી માટે સહાય કરી આપણા સમાજનાં બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવો.**

આ યોજનામાં યોગદાન આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવેલ સભ્યોથી સંપર્ક કરવા વિનંતિ.

**પંકજ હિરજીભાઈ સાવલા – ૯૮૪૯૭ ૪૭૬૨૫**

**વાસંતી અરવિંદભાઈ શાહ – ૯૮૪૯૫ ૪૭૫૪૩**



Kalaguru
Dr. Pragna Vedant

Dr. Pragna Vedant's Hair & Beauty Academy Mumbai
in association with Ashapura Beauty Products, Secunderabad jointly Present's

# Beauty Bonanza - 2018

Look & Learn unique Seminar on Skin, Hair & Makeup

**24th May, 2018 at NIZAMABAD**

Dr. Pragna Vedant's Hair & Beauty Academy - The School of Beauty Presents 1 day Look & Learn Hair, Skin & Makeup seminar in Nizamabad city INDIA's most famous International Beauty School "Dr. Pragna Vedant's Hair & Beauty Academy" conducting this seminar specially for all Beauticians



Urvi Maru Singh



Pappu Sir

**10.00 a.m.** **Deep Prajwalan**

**10.10 a.m.** **Session-I starts with Kalaguru Dr. Pragna Vedant**

What is Difference between Skin Treatment and Facials

1) Science behind Skin condition and Skin problems
2) How to analyze Skin conditions systematically and identify the source of skin problems
3) Silk and Shine Therapy With Hair Spa
4) D-Tan Treatment and Under-arms Whitening Treatment
5) EXTRA GLOW Charcoal Treatment
6) Drama Light Treatment
7) Pain-Free Eyebrow Treatment
8) Amazing Hair falling treatment with Aroma Hair Oil (Result only in one sitting)
 - it's Money Back Guarantee
9) Without Stitches Earlobe Repairing (कान के छेद को बिना ऑपरेशन पैक करना)
10) Wart Removing (मस्सा को कैसे निकालना)
11)Eyebrow Growing Treatment With Eyebrow oil

**12.30 p.m.** **Session-II starts with 2 types of Fashion Haircuts with International Hair Designer -Ms. Urvi Maru Singh**

- * International Blow-dry Technique * Heavey Layer * Feather Layer

**2.00 p.m.** **Lunch Break & Stall Visit - Happy Shopping Hours, enjoy with Special offers, seminar Heavy Discount**

**3.00 p.m.** **Session-III starts with International Hair Designer & Makeup artist -Ms. Urvi Maru Singh**

(CIDESCO Graduate & Diploma Holder Of London College of Makeup)

- Fantasy HD Makeup & Internationl Hairstyles



Ishwar Vedant
98494 20139

**Seminar Fees**
Rs.599/- Advance Booking
Rs.699/- Spot Booking
(with Lunch & Certificate)

Seminar Date 24/05/2018 (Thursday)

**Seminar Venue**
HOTEL NIKHIL SAI INTERNATIONAL,
Hyderabad Road, Nizamabad (Telangana)




**HURRY...**
**BOOK YOUR SEAT NOW**

Contact for seminar ticket booking
Ishwar Vedant & Bindiya Vedant



Bindiya Vedant
70933 20826




(જા.ખ.)

# વિવિધા

## પુનરોત્થાન

**ચંદન હરીશ હરીયા**

૨૧ મી સદીમાં વિશ્વમાં નિત નવી નવી શોધખોળ થાય છે. ટેક્નોલોજી એટલી આગળ વધી ગઈ છે કે એક ટુકડા મોબાઈલમાં વિશ્વની માહિતી મળી જાય છે. ભારત પણ વિકાસના પંથ પર છે. પણ ખરેખર આપણો સમાજ વિકાસના પંથ પર છે ? અહિંયા હજી આપણે વિકાસના નામ ઉપર ધર્મગુરૂઓના આદેશ પર નવા નવા દેરાસરો બંધાવવામાં જ અટવાયા છીએ. ૨૫-૫૦ વર્ષ સુધી એક કાંકરી પણ ના ખરે એવા અડીખમ ભવ્ય દેરાસરોના પુનરોત્થાનની ખરેખર જરૂર છે ? આ તોડીને બીજા નવા બંધાવીને આપણે શું બતાવવા મંગીએ છીએ... કેવલ ધન અને નામના...

કચ્છ આપણો વતન છે એ વાતમાં કોઈ બેમત નથી. પોતાના કર્મયોગ અને આત્મબળથી આજે કચ્છી જ્યાં પહોંચ્યા છે એ ગર્વ લેવા જેવી બાબત છે. કચ્છનો વિકાસ થવો જ જોઈએ પણ ખાલી દેરાસરો બંધાવી ને...

૫ મહિના પહેલા કચ્છ જવાનું થયું ત્યારે જોયું કે કેટલાક ગામોના દેરાસર કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ લાજવાબ છે એને તોડીને નવા બંધાવવાની જરૂર જ નથી. આજે કચ્છના નાના નાના ગામો જેમા કચ્છી તો નહી પણ બીજી નાતના પણ ૫૦-૧૦૦ થી વધારે માણસો નથી રહેતા. ધુળમાં સોય પડે તોપણ અવાજ સંભળાય એવી નીરવતા છે (એમા મારો ગામ પણ આવી જાય છે). એવા ગામોમાં પણ જુના પ્રાચીન દેરાસરો તોડી ને નવા કરોડોના ખર્ચે બનાવાય છે. અને પછી આનન ફાનનમાં બીજી સુવિધા ઓને ન ગણતા ભવ્યતાથી પ્રતિષ્ઠાનો ઉત્સવ ઉજવાય છે. પાણીની અછત વાલા એવા કચ્છમાં ૮-૧૦ દિવસમાં હજારો લોકોને ભેગા કરી લાખો રૂપિયાનો ધુમાડો કરે છે. પોતાની વાહ વાહ કરાવે છે. અને ૧૫ દિવસ પછી ભગવાન વાટ જોતા હોય કે કોઈ માનવ મુખના મને દર્શન તો થાય....

એક ગામમાં પ્રતિષ્ઠા થાય તો બીજા ગામ કેમ રહી જાય ત્યાં પણ ચડસા ચડસી. એટલે આપણા ગામમાં પણ ભવ્યતિભવ્ય નવું દેરાસર બંધાવુ જ જોઈએ. પછી ફટાફટ મીટીંગો યોજાય. નિયાણી બ્હેનો અને વેવાઈઓને આમંત્રણ અપાય અને દેરાસરના પાયા રૂપે કરોડો રૂપિયા ભેગા કરાય છે (લાખો ગયા હવે) પણ આ અતિ થી, તમારા પૈસાથી કોનો ઉદ્ધાર થાય છે એ તમે વિચારી શકો છો ?

જેને પૂછો બધા એમજ કહે કે આવા પ્રોગ્રામ થાય તો છોકરાવને કચ્છ જવાનું મન થાય. સાવ સાચ્ચી વાત છે. છોકરાવ રણઉત્સવમાં તો ચાર દિવસ ફરી આવશે. પણ પોતાના ગામમાં એક થી વધારે દિવસ ન કાઢી શકે. હા તમને તમારા ગામમાં વિકાસ કરવું હોય તો ત્યાં સ્કુલ બંધાવો, દવાખાના ખોલો. ભલે તમારા બાળકો ત્યાં જવાના ન હોય પણ આજુબાજુના ગામડાના બાળકો અને વડીલો તો તમને અંતરથી આશીર્વાદ આપવાના જ છે.

સમાજમાં હજી એવા કેટલાક ઘરો છે જેમને આ મોંઘવારીમાં બે છેડા ભેગા કરતા આંખે અંધારા

(Contd...)

આવી જાય છે. રહેઠાણની સમસ્યા છે. ધનના અભાવે ભણતર પર પ્રભાવ પડે છે. નવો ધંધો શુરૂ કરવા અનુભવ તો છે પણ પૈસા નથી. એવાને મદદની જરૂર છે. ભલે આમા તમારૂ નામ બહુ નહી ગાજે પણ તમને આત્મ સંતુષ્ટી જરૂર મળશે. ધર્મગુરૂઓને પણ નમ્ર નિવેદન છે કે ખાલી દેરાસરો બંધાવવા કરતા બીજા એવા ઘણા કાર્યો છે જેના માટે શ્રાવકોને પ્રોત્સાહિત કરી શકે. સમાજનો યુવાધન દંભ અને આંડબરની આ દુનિયામાંથી બહાર નિકળી ઘેટાચાલ થી દૂર રહી ભણતર અને સમયનો ઉચિત સહઉપયોગ કરે....

**For Bulk SMS, Multi Colour Stickers for Marriage**
**LOGO Designing, Broucher & Souvenir Printing**
**CHANDRAPRABHA GRAPHICS**
**Paras Ramesh Jagirdar 66680780, 40047999, 99499 81999**
(જા.ખ.)

Pradeep Sanghvi 9440 60 1669
Puneet Sanghvi 92465 22721
Email:hydkiranelec@yahoo.com, www.kiranelectronicshyd.com
040-2475 0656
KIRAN electronics
Industrial Electronic Components
9, Royal Plaza, 4-4-933, Opp H. V. S. School, Sultan Bazar, Hyderabad - 500 095.
Kirti Sanghvi 93470 52965
Bhupesh Sanghvi 9440 50 3636
Email:sanghvibrothers1979@gmail.com, www.sanghvibrothershyd.com
040-2475 2518
SANGHVI BROTHERS
Industrial Electronic Components & Tools
4-3-267, Bank Street, Gujarati School Lane, Hyderabad - 500 095.
* PLA * AMPTEK * ELCOM * GILARD * OEN *
* PANKAJ * RUTTONSHA * PROTECTRON *
* CALONIX * SOLDRON * BEL * SOYNIA * FLUKE *
* MASTECH * MAXINE * MULTITEC * TAPARIA *
(જા.ખ.)

Pick up & Drop
**CHERIAN NATIONAL**
**Motor Driving School** (ESTD. 1962)
CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad. **Cell : 98495 84518**
(જા.ખ.૬-૨૦૧૬)

20 Days Medicine only Rs. 499/-
**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**
Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.
• AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
• AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
• VIDEO TO DVD CONVERSION
**Ph : 9395347264, 9392418463, 040-27564183**
(જા.ખ.)

**SHYAM CARPENTER**
*We do all kinds of carpentry works - Small or Big*
**CONTACT : +91-99858 78116**
(જા.ખ.)

# ટામેટા ખાઓ, ગરમીને ભગાવો!

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

ઠંડીના દિવસો હવે દૂર થતાં જાય છે અને ગરમીની ઋતુ નજીક આવતી જાય છે. આ ઉનાળાની ગરમીમાં શેકાવાથી જો સૌથી વધુ કોઈ અંગને નુકસાન થતું હોય તો તે છે આપણી ચામડી. જેને આપણે અંગ્રેજીમાં સનબર્ન નામે ઓળખીએ છીએ તેનાથી બચવા ઈચ્છતા લોકોએ ટામેટાનો ઉપયોગ શરૂ કરી દેવો જોઈએ એમ બ્રિટનમાં થયેલા એક સંશોધનના આધારે જાણવા મળ્યું છે. ઈંગ્લેન્ડનાં માંચેસ્ટર અને ન્યૂકેસલ યુનિવર્સિટીના સંશોધક માર્ક બર્કના જણાવ્યા અનુસાર ૨૦ વ્યક્તિ ઉપર આ બાબતમાં એક પ્રયોગ કરવામાં આવ્યો હતો જેમાં ૧૦ જણને ઑલિવ તેલ મિશ્રિત પાંચ ચમચાં ટામેટાનું પેસ્ટ ત્રણ મહિના સુધી ખાવાનું કહેવામાં આવ્યું હતું. જ્યારે બાકીના ૧૦ જણાંને ટામેટા વગરનું ભોજન લેવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને ટીમોને અલ્ટ્રાવાયોલેટ રે (પારજાંબલી કિરણો)ના સંસર્ગમાં રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ બેઉ ટીમોના માણસોના શરીરનો અભ્યાસ કરતાં એવું જાણવા મળ્યું હતું કે ટામેટાં ખાનાર માણસોમાં અન્ય માણસોની તુલનામાં સનબર્નથી બચવાની ક્ષમતા ૩૩ ટકાથી પણ વધારે વધી હતી.

આટલું જ નહીં શરીરને ખરાબ કોલેસ્ટ્રોલ તેમજ અનેક પ્રકારના કેન્સરથી બચાવવા ટામેટાંમાં રહેલું લાયકોપેન નામનું તત્વ ઘણું જ ઉપયોગી સાબિત થયુ છે. ટામેટામાં વિટામિન સી, કે-વન અને બી-૯ પણ વિપુલ પ્રમાણમાં છે. આ ઉપરાંત શરીરને અત્યંત ઉપયોગી કોપર અને પોટેશિયમ જેવા ખનિજતત્વો પણ છે. ટામેટામાં પાણીનું પ્રમાણ ધણું વધારે (લગભગ ૯૫ ટકા) હોવાથી તેનો વપરાશ ઉનાળામાં વધારશો તો ફાયદામાં જ રહેશો.

ગરમીના દિવસોમાં ચામડીને મુલાયમ અને સુંદર રાખવા ટામેટાને અડધુ કાપી તેને ચહેરા પર ધસવાથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય છે. ટામેટાં ખાવાથી પણ ચામડી વધુ યુવા અને સુંદર બને છે તે તો અગાઉ શોધાઈ ચૂક્યું છે. માટે ઉનાળામાં તમારા ભોજનમાં રોજ બે ટામેટાંનો સમાવેશ કરવો જરૂરી છે. તો હવે રાહ શેની જુઓ છો ? તમારા નિત્ય ભોજનમાં ટામેટાંનું કચુંબર ફરજિયાત કરી દો અને ઉનાળાને શાનપૂર્વક માણો.

## સગપણ સેતુ



| | |
|---|---|
| ઉમેદવારનું પુરૂ નામ | : હેનલ દિપક મેઘજી મોમાયા |
| કચ્છમાં ગામ | : વરાડીયા |
| દાદા | : મેઘજી દેવશી મોમાયા |
| નાનાણા | : ચત્રભુજ કુંવરજી ધરમશી |
| ગામ | : મહેસાણા (કોઠારા) |
| જન્મ તા. | : ૧૭-૧-૧૯૯૫, જન્મ સ્થળ : મહેસાણા, |
| જન્મ સમય | : ૧૦.૪૫ સવારના, |
| વજન | : ૭૦ કિલો, બ્લડ ગ્રુપ : 'A' |
| અભ્યાસ | : 10th |
| વિશેષ માહિતી | : મંગળ છે. |
| સંપર્ક નામ | : કલ્પના મોમાયા ફોન નં : ૯૯૪૮૦ ૩૨૪૧૦ |

*You are beautifuL... we just compliment it !*

Air Brush & HD Make-up

# abha
be gorgeous

Bridal Pre Bridal Services

by Bhavini Patel

## SALOON & MAKE-UP STUDIO

SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT**



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# ORGAN DONATION !

**Sankalan : Pankaj Vallabhji Savla**

One millionaire in Brazil had announced that he is going to bury his Bentley car costing 1 million dollar.

The reason attributed was that it will be useful for him after his death. All have criticized that this fool is wasting 1 million dollar. Press and public scolded him.

On the specified date all assembled to eagerly see what is going to happen !

A big pit was dug to accommodate the car. The car was parked nearby. All were watching anxiously. The millionaire came. Arrangements were made for burying the car. People scolded him for his foolishness.

They angrily told "you are wasting the costly car. It will not be useful to you after your death. Why can't you give it to somebody else so that they can use it".

The millionaire replied with a smile "I am not a fool to bury the car. I wanted to convey a message to you all".

The car is just 1 million dollar. You are angry with me as I have decided to bury it.

But you people are burying the cost less heart, eye, lungs, Liver, kidney, skin etc which are useful to the human community. Why cant you gift them to the needy. Million are awaiting for organ replacement. Help them. I staged this drama so as to make you realize the importance of organ donation".

---

# કેસરી ક્લબ (એક સંસ્થાની જાણકારી)

વરીષ્ઠ નાગરીક માટે કાર્યરત છે એક સંસ્થા ‘કેસરી ક્લબ’ આ સંસ્થાનું સંચાલન હૈદ્રાબાદમાં શ્રી જૈન સેવા સંઘમાં થઈ રહ્યો છે. નાત જાતના ભેદભાવ વગર કોઈપણ વરીષ્ઠ નાગરીક આ સંસ્થાના સભાસદ થઈ શકે  છે. આ સંસ્થાની મધ્યવર્તી સંસ્થા દિલ્હીમાં છે.

‘કેસરી ક્લબ’ માં વરિષ્ઠો માટે વર્ષમાં લગભગ ૫–૬ કાર્યક્રમ થાય છે. આધાર કાર્ડની એક ઝેરાક્સ કોપી, પાસપોર્ટ સાઈઝ ફોટો તથા તમારો મોબાઈલ નંબર શ્રી જૈન સેવાસંઘના કાર્યાલયમાં આપી આપ આ સંસ્થાના સભ્ય બની શકો છો.

**હંસકુમાર રાયચંદ સાયલા**


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સકસેસ રેટ
(જા.ખ.)
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# ખીચડી

લેખક : રમેશ એમ. શાહ

આજે આપણા ઘરના મેનુમાંથી ખીચડીનું નામ લગભગ ભુંસાઈ ગયેલ છે. મલ્ટીનેશનલ કંપનીની જાહેરખબરોના પ્રચંડ પ્રહારમાં ખીચડી ક્યાં ખોવાઈ ગઈ છે તેની ખબર નથી પડતી. તેની જગ્યાએ સવારના બ્રેકફાસ્ટમાં કેલોજ અને ચોકોઝ, લંચમાં પીઝા–બર્ગર અને સાંજના ડીનરમાં મેગી, પાસ્તા, નુડલ્સ ઈત્યાદી વાનગીઓએ આપણા ડીનર ટેબલ ઉપર એવો પગપેસારો કરી દીધો છે કે એ હકીકતથી આપણે હજુ સમજોતો નથી કરી શક્યા. ખીચડીનો નામ સાંભળતાજ આપણી યુવા પેઢીના નાકના ટેરવા ઉંચા થઈ જાય છે. તેમનો પણ વાંક નથી. તેઓએ બચપણથી આજ જોયું છે.

થોડા દિવસ પહેલા 'ખીચડી' આપણા દેશમાં એક જબરજસ્ત વિવાદ–ચર્ચાનો વિષય બનેલ. ભારતનો રાષ્ટ્રિય પક્ષી – મોર, રાષ્ટ્રિય ફુલ – તો તે ગુલાબ, તો રાષ્ટ્રિય વાનગી કઈ હોવી જોઈએ ? કોઈએ સુચન કર્યું કે રાષ્ટ્રિય વાનગી તરીકે 'ખીચડી'ને માન્યતા આપવી જોઈએ, તે સંપુર્ણ દેશમાં ખવાય છે, હેલ્થી છે, ટેસ્ટી પણ છે. બસ પછી તો પુછવું જ શું ? ખીચડીની તરફેણમાં અને વિરૂદ્ધમાં છાપામાં અને ટી.વી. ઉપર નિષ્ણાતો દ્વારા ગરમા ગરમ ચર્ચાઓ થવા લાગી. તામિલનાડુ વાળા કહે, **ઈડલી–ઢોસા**ને જ રાષ્ટ્રિય વાનગી તરીકે માન્યતા આપવી જોઈએ, મહારાષ્ટ્રમાંથી **બટાટા પૌંઆ** માટે દબાણ આવ્યું, પશ્ચિમ બંગાળમાંથી રસગુલ્લા, ક્યાંકથી પોંગલ, ક્યાંકથી બીસી–મલાઈ, ક્યાંકથી ફાફડા જલેબી, માટે ભલામણ આવી. વાત એટલે સુધી વધી ગઈ કે કેંદ્રિય ફુડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીસ મિનિસ્ટર શ્રીમતી હરસીમ્રત કૌર બાદલને વચમાં પડવું પડ્યું. તેમણે જણાવ્યું કે સરકારે આ બાબતમાં કંઈ પણ વિચારેલ નથી. તે છતાં તેમનો મંત્રાલય દેશમાં અને દુનિયામાં ખીચડી ને એક હેલ્થી, ટેસ્ટી અને ખીસ્સાને ભારી ન પડે તેવો ભારતીય સુપર ફુડ તરીકે પ્રમોટ કરવા પુરી કોશિષ કરશે એમ જાહેર કર્યું.

ત્યારે દિલ્હીમાં ૩–૫ નવેમ્બર ૨૦૧૭ ના 'વર્લ્ડ ફુડ ઈંડિયા ૨૦૧૭' (ગ્લોબલ ફુડ એક્સપો) ચાલુ હતો જેમાં ૬૧ દેશના ડેલીગેટ્સ તેમજ દેશના અલગ અલગ સ્ટેટના પ્રતિનિધીઓ પણ ભાગ લઈ રહ્યા હતા. દેશના મશહુર માસ્ટર ચેફ સંજીવ કપુરે આપણા દેશની વાનગી ને પ્રમોટ કરવા એકજ વાસણમાં ૯૧૮ કીલો ખીચડી રાંધેલ અને આવેલ મહેમાનોને તે ગરમાગરમ પીરસેલ. બાકી આશ્રમોને મોકલી આપેલ. આ ૯૧૮ કીલો ખીચડી રાંધવાના કાર્યક્રમને ગીનીઝ બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન આપવામાં આવેલ છે.

ભારતીય ઉપખંડમાં આપણા દેશના કાશ્મિરથી કન્યાકુમારી તેમજ કચ્છથી અરૂણાચલ પ્રદેશ સુધીના અલગ અલગ પ્રાંતોમાં, તેમજ પડોશી દેશો બંગલાદેશ, પાકિસ્તાન, નેપાલમાં પણ ખીચડી પ્રચલિત છે, ભલે તે અલગ અલગ નામથી ઓળખાય છે. જરૂરિયાત મુજબ અને ટેસ્ટ મુજબ તે ચોખા, મુંગ દાળ, ઘંઉ, બાજરા, સાબુદાણા વગેરેના મિશ્રણથી બનાવાય છે.

શરૂઆતમાં જણાવ્યા મુજબ આજની યુવા પ્રજા ટી.વી. તેમજ અન્ય પ્રચાર માધ્યમોને કારણે તેમજ પશ્ચિમી દેશોમાં જતા આવતા રહેવાથી, પ્રાશ્ચિત દેશોના સંસ્કારો અને ખાવા પીવાની વાનગીઓથી પ્રભાવિત થઈ ગયેલ છે. એટલુંજ નહીં દેશી વાનગીઓના નામો તેમજ ટેસ્ટથી ઉબી ગયા છે. તેમને જોઈએ છે ખાણી પીણીમાં નવીનતા અને તેમને આકર્ષવા માટે જોઈએ ફેન્સી નામો.

(Contd...)

હાલમાંજ જાણવા મળેલ છે કે મુંબઈ, વિલે-પાર્લ (વેસ્ટ) પરામાં એક નવી રેસ્ટારેન્ટ ખુલી છે જેનું નામ છે 'ખીચડી' ત્યાં જાતજાતની ખીચડી મળે છે. આપણી દેશી ખીચડી ઉપરાંત ફેન્સી ખીચડીઓ પણ મેનુમાં છે જેવી કે મશરૂમ પેસ્ટો ખીચડી, મટર પનીર ખીચડી, ઈટાલિયન મેક્રોની ખીચડી, હરબલ ખીચડી સેજવાન, મેક્સિકન ખીચડી... આજ કાલ તો હવે લગ્નના રીસેપ્સનમાં પણ કેટરર્સ પણ 'ખીચડી'ને મેનુમાં સમાવે છે.

મહિલા મંડળોને મારું નમ્ર આગ્રહ છે કે ઘરે અને જાહેરમાં 'ખીચડી' માટે નવા પ્રયોગો કરે અને યુવા વર્ગને આપણી દેશી મેનુ તરફ આકર્ષિત કરે.


**Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, DTP in Hindi, Gujrati, Telugu & English Language, Wedding Cards, Prarthana-Public Notice Advertisements in Leading News papers like Hindi Milap, Vartha, Deccan Chronicle, Eenadu etc.**

Contact : **ATLAS ADVERTISING,** Ridesh Jagirdar - 9849988999 (જા.ખ.)

**GALA PICKLES**



**સીઝન હોય કે ન હોય અમારે ત્યાં શુદ્ધ અને સાત્વિક રીતે તાજા ઘરે બનેલા કેરીના અથાણા અને ટમેટા ચટણી વગેરે અમારે ત્યાં બારે માસ મળશે.**

- કેરીનો અથાણો લસણ વાળો અને વગર લસણનો
- છુંદો, ગોળ કેરી, ગુંધા કેરી, ટમેટા ચટણી, આથેલા મરચાં વગેરે મળશે
- થેપલા ઓર્ડરથી બનાવી આપવામાં આવશે

Contact : **Sonal J. Gala - 9291336291** (જા.ખ.)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd- (જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરોઃ

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)

# સંથારો (અનશનવ્રત, ઈચ્છા મૃત્યુ) જૈન ધર્મનો જમા પાસો

લેખક : **'અજ્ઞાની' મહેન્દ્ર વોરા**

થોડાં દિવસો પહેલાં સમાચાર આવેલ કે ઈચ્છા મૃત્યુને સુપ્રીમ કોર્ટે કાયદેસર મંજૂરી આપી છે. જો કે એમાં હજુ કેટલીક કાયદાકીય આંટીઘુંટી હશે અને કેવાં સંજોગોમાં ક્યા દર્દીને કેવી રીતે મંજુરી મળશે એ વિષે હજુ કોઈ સ્પષ્ટતા નથી આપી પણ હવે જે બિમારી અસાધ્ય છે કે જેનો કોઈ ઈલાજ નથી અથવા એવી વ્યક્તિઓ છે જે દેહથી ને મગજથી નિસ્તેજ છે ને કોમા જેવી હાલતમાં છે જેના વિશે ડોક્ટરોને પણ કંઈ સમજ પડતી નથી કે એ હજુ કેટલાં દિવસો કે વર્ષો જીવશે એમના માટે અને એમના સ્વજનો માટે તો આ ઈચ્છામૃત્યુ આશીર્વાદ રૂપ સાબિત થશે, કારણ કે એક જીવતી લાશ પાછળ એમના કુટુમ્બીજનો માનસિક ને આર્થિક રીતે કેટલાં હેરાન થતાં હશે એ તો જેમના પર વિતતી હોય એનેજ ખબર? વીસેક વર્ષ પહેલાં મુંબઈમાં મારી ફઈનો ઓપરેશન હરકિશન હોસ્પીટલમાં હતો ત્યારે એક ૨૨ – ૨૩ વર્ષ નો યુવાન પડી જવાથી કોમામાં ચાલ્યો ગયો હતો, એના પિતાજીથી મેં વાત કરી તો એ લોકો યુ.પી. ના કોઈ ગામડાથી અહીં ઈલાજ માટે આવેલા. સવા વર્ષ તો થઈ ગયેલો પણ એજ હાલત હતી. કંઈ સુધારો થતો નહોતો એનો બાપ તો રડી પડ્યો કારણકે ગામમાં ખેતીની જમીન વેચીને તે અહીં આવ્યો હતો નાની બે પુત્રીઓ ને બીજા કોઈ સગાને ત્યાં છોડી ને મા–બાપ એ આશાપર હતા કે અમારો છોકરો પહેલાં જેવો થઈ જશે... આ વાત સાંભળી શું દિલાશો આપવો ? આવા સંજોગોમાંથી તો ન જાણે કેટલાં પરિવારો બરબાદ થતા હશે.

જોકે આપણાં જૈન ધર્મમાં એ માટે પહેલેથી વ્યવસ્થા છે કે તમને કોઈ અસાધ્ય રોગ થાય કે અનેક વેદનાઓ હોય ને તમે પરાવલંબી થઈ ગયા હો સારવાર ખૂબજ ખર્ચાળ હોય ને તમારા થકી કુટુમ્બી જનોને તકલીફ વેઠવી પડતી હોય તો મન ને મજબૂત કરી તમારા સ્વજનોની સંમતિ લઈને ધીમે ધીમે ખાવા પીવાનું ત્યાગી અનશન વ્રત લઈ શકો છો. દરેક જીવો સાથે સમભાવ રાખી રાગદ્વેષ છોડીને સંસારિક સંબંધોથી મુક્ત થઈ આલોકથી પરલોક તરફ મોક્ષ માર્ગે પ્રયાણ કરી શકો છો. ઘણાં એવા કિસ્સાઓ પણ છે કે જેમાં વ્યક્તિ નિરોગી રીતે ઘણી દિર્ગ આયુએ પહોંચે છે, સુખી પરિવાર હોય સંતાનો બધા બરોબર સ્થિર થઈ ગયા હોય પોત્રાપોત્રી વગેરે પરણી ગયા હોય ત્યારે જીવનમાં જે મળ્યુ તે માણી ને તેનાથી સંતોષ માનીને પણ અનશનવ્રત કરે છે. આવા આત્માઓ વંદનીય છે.

હમણાં હમણાં નાની ઉંમરમાંજ અચાનક એવા રોગો થઈ આવે છે કે જેની જાણ થતાં જ ભોગ બનેલ વ્યક્તિ અને એના કુટુમ્બીજનો હેબતાઈ જાય છે. વળી આગળનો ઈલાજ ક્યાં કરાવવો ? એ વિશે મુંઝાઈ જાય છે ધીમે ધીમે કળ વળે છે, ને દર્દીની સારવાર ને ઈલાજ ચાલૂ રહે છે. પણ માનસિક રીતે દર્દી તથા આપ્તજન અંદરથી તુટતો જાય છે આવી પરિસ્થિતિમાં ધર્મમાં મુક્તિ માટે સંથારો આશીર્વાદ રૂપ લાગે છે.

ઘણાં સમય પહેલાં હિન્દુ ધર્મમાં ને ઈસ્લામ ધર્મમાં પણ કદાચ આવી પ્રથા હશે જેમ કે વૃધ્ધ

(Contd...)

અવસ્થામાં વન જીવન જીવવું ને ત્યાં જ દેહનો ત્યાગ કરવો, પરિવારજનોથી ને સાંસારિક બંધનોમાંથી મુક્તિ લેવી, ખાદ્યપદાર્થોમાં પણ મર્યાદિત વપરાશ કરવો, સાદગી પૂર્ણ જીવન જીવવું ને દેહમાંથી આત્માને મુક્ત કરવું. વળી એ સમયમાં આજ જેટલી સગવડો ને વાહનો ન હતા ત્યારે ચારધામ યાત્રાએ જતાં ત્યારે કુટુમ્બી જનોથી સંમતિ લઈને હમેંશ માટે જતાં હોય તે ભાવથી કાશી કૈલાશ તરફ પ્રયાણ કરતાં, ત્યાંજ આશ્રમોમાં રહેતાં. મહાભારતમાં પણ પાંચ પાંડવો અને દ્રૌપદી છેલ્લે સંતાનોને છોડીને વૃધ્ધાવસ્થામાં હિમાલય તરફ પ્રયાણ કરીને ત્યાંજ દેહ ત્યાગ કર્યો એવો ઉલ્લેખ છે.

એવી જ રીતે મુસ્લીમોમાં જ્યારે હજ માટે જતાં ત્યારે બધાનો મોહ ઉતારીને જતાં એ પાછા આવશે એવી કોઈ ખાતરી ન રહેતી ને ત્યાંજ જન્નતમાં જઈશું એવી એમની ઈચ્છા રહેતી... વળી અગર પાછા આવી જાય તો પણ એમને બધા વ્યશનો અને મોજ શોખ (પાન, બીડી, ચાય, દારૂ ત્યા નાટક સીનેમા, ટી.વી. સાંસારિક કાર્યક્રમો) વગેરે નો ત્યાગ કરતાં. હજથી આવ્યા પછી એમના નામ સાથે 'હાજી' નો ઉપનામ લાગતો અને બાકી નો જીવન ઈબાદતમાંજ વિતાવતા...

અનશનવ્રત માટે થોડા સમય પહેલાં કોઈ સંસ્થાઓ દ્વારા એનો વિરોધ થયેલો કે આ પણ એક પ્રકારની આત્મહત્યા છે પણ પછી મોટા ધર્મઆચાર્યો અને સંતો સાથે વિચાર વિમર્શ કરી ને મામલો થાળે પડી ગયો ને વિવાદ શમી ગયો. આમે હિન્દુસ્તાનમાં ધાર્મિક બાબતોમાં સરકાર વધારે માથું નથી મારતી ને ઊંડી નથી ઉતરતી, ચાલે છે એમ ચાલવા દયો ની નીતીજ બધાના હિતમાં છે.


**હરપલ મિઠાસ...** હોમ મેડ સ્વિટ્સ

**સ્પેશ્યાલીસ્ટ ઈન મીની સાટા**

| | |
|---|---|
| ✓ અડદીયા પાક | ✓ ચુરમા લાડૂ |
| ✓ મોહન થાળ | ✓ શાહી લાડૂ |
| ✓ ફીણીયા લાડૂ | ✓ ખજુર રોલ |
| ✓ ગોળીયા લાડૂ | ✓ ડીંક લાડૂ |
| ✓ ગોળપાપડી | ✓ શિંગદાણા લાડૂ |
| ✓ ગુંદર પાક | ✓ રવા લાડૂ |
| ✓ ઓટ્સ લાડૂ | ✓ બેસન લાડૂ |

Contact : **RUPAL H. SAVLA**

Arihant Basera, Flat No. 102, Kachiguda, Hyderabad

**Ph : 81064 59594**

(જા. ખ.)

# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652



## FIND SIX HIDDEN WORDS IN THE IMAGE




**You can send your answer by Whatsup, SMS to the above mentioned mobile number or send in writing @ KMM Office.**

### Answers to the last Month's Quiz

You can arrive at the answer by Various methods. I am giving below one of the methods to get the correct answer.

eg : $2 + 2 + 2 = 6$

$3 \times 3 - 3 = 6$

$4 + 4 - \sqrt{4} = 6$

$5 \div 5 + 5 = 6$

$6 \times 6 \div 6 = 6$

$7 - (7 \div 7) = 6$

$8 - (8 + 8) = 6$

$9 + 9 \div \sqrt{9} = 6$

### The persons who have given correct answers are :

Dhaval Shailesh Shah
Dipti Atul Sayla
Femi Gada
Keval Savla
Neena Dharod
Pooja Khiresh Lalka
Saanvi Shah
Trushali Sanjay Lalka
Vinod J. Shah


Master
Maths Brain
Home Tuitions One to One Teaching
Mission
- Free Demo Class
- Affordable Fee Structure
- Flexible Timings
- Syllabus + Revision + Test
- Regular & Weekend Batches
- Excellent Academic Support
- Encouragement and Motivation
- Small Group Sessions
Classes :
1st to 10th
Subject :
All
Speciality :
VEDIC Maths
Benefits of VEDIC :
Fast Calculation by simple formulae
Higher marks in Maths and Science
Removing Phobia of Mathematics
Self Reliant & Self Confident Child
3-4-484/1 302, 3rd Floor, MBR Residency, Street No 9, Opp. Reddy
Women's College, Narayanguda, Hyderabad - 500029 ( Telengana )
Hiloni Shah - 97 252 90 233 / 97 000 27 074

(જા.ખ.)

શ્રી મોમાઈ માતકી જય શ્રી મુનીસુવ્રત સ્વામિને નમઃ શ્રી અંબે માતકી જય

# શ્રી મોમાઈમા શ્રી અંબેમા ભાવિક મંડળ

જય માતાજી સાથે જણાવવાનું કે હૈદરાબાદ નગરે પ્રથમ વખત એક સાથે ૧૪ નુખ (અટક)ના ભાવિકોની (દશા ઓસવાળ તથા વીશા ઓસવાળ) સામુહીક પહેડીનું આયોજન નવગૃહ મંદીર (ચેવલા કુમેરા ગાંવ) મધ્યે તા. ૧-૪-૨૦૧૮ રવિવારના રોજ કરવામાં આવ્યું હતું.

જેમાં જવા માટે ચૈતન્યપુરીથી ૧ બસ તથા જીનેશ્વરધામ કાચીગુડાથી ૨ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાકી પોતાની રીતે પોતાના વાહન મારફત અંદાજે ૪૫૦ જણાની હાજરી રહી હતી આવું આયોજન પ્રથમ વાર થયું હતું છતાં બધાએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

પ્રથમ શ્રી ગણેશ સ્થાપનાથી શરૂઆત કરીને જ થાળ તથા આરતીના ચડાવા લેવામાં આવ્યા હતા જેમાં ક્ષેત્રપાલ દાદાના થાળનો ચડાવો શ્રીમતી કુસુમબેન સુરેશચંદ્ર હીરજી ગોસર (નીયાણી પરિવાર) ગામ સાભરાઈ વાળાએ લીધો હતો.

અંબે માતાનો થાળ શ્રી વીશાલ રમેશભાઈ ભેદા ગામ બેરાજા પરિવારે બહુજ ચડતા ભાવે લીધો હતો મોમાઈ માતાનો થાળ માતુશ્રી જેતબાઈ મેઘજી કારાણી ગામ બાડા પરિવારે આનંદ ઉલ્લાસથી લીધો હતો. મુનીસુવ્રત દાદાનો થાળ ડૉ. રાજશ્રી પ્રીયેન શાહ માંડવી (નીયાણી પરિવારે) લીધો હતો.

મોમાઈ માતાની આરતીનો લાભ માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ (સાંયરા) પરિવારે લીધો હતો અંબે માતાજીની આરતીનો લાભ શ્રી મહેન્દ્ર શામજી મોતા (વારાપધર) પરિવારે લીધો હતો મુનીસુવ્રત દાદાની આરતીનો લાભ આરતી ભગત પરિવાર માતુશ્રી રાજબાઈ પદમસી મોતા હસ્તે મીનાબેન ગુલાબચન્દ પદમશી મોતા પરિવારે (કુવાપધર) વાળાએ લીધો હતો. મંગળ દીવાનો લાભ માતુશ્રી વેજબાઈ શીવજી કારાણી (ગામ ડુમરા) પરિવારે લીધો હતો નાકોડા ભૈરવની આરતીનો લાભ પ્રેમ લક્ષ્મી પરિવારના ચિ. શ્રેય રાહુલ છેડા ગામ લાયજા વાળાએ લીધો હતો.

માતાજીના પૂજનની બધીજ સામગ્રી ફળ, ફ્રૂટ નૈવેદ્ય મીઠાઈ ડ્રાયફ્રૂટ ફુલહાર માતાજીનો શણગાર તેમજ બધા ભાવીકોને ડ્રાયફ્રૂટની પ્રસાદીનો સંપુર્ણ લાભ બને માતાનું તેમજ મુનિસુવ્રત દાદાનો અષ્ટપ્રકારી પૂજાનો સામાનનો પુરો લાભ અલ્કા વૉચ વાળા શ્રીમતી મીનાબેન ગુલાબચંદ મોતા (કુવાપધર) પરિવારે લીધો હતો.

સ્કુપ આઈસક્રીમ વાળા તરફથી ફાલુદા મીલ્ક શેકની વ્યવસ્થા કરવામાં આવી હતી તે બદલ ભાવિક મંડળ આભાર વ્યક્ત કરે છે.

પ્રથમ ગણેશ સ્થાપના કરવામાં આવી હતી ત્યારબાદ ચડાવા બોલીને વાજતે ગાજતે ક્ષેત્રપાલ દાદાના દરબારમાં થાળ ચડાવવામાં આવ્યો હતો ત્યારબાદ બંને માતાજીના લાભર્થી પરિવારે થાળ ચડાવ્યો હતો ત્યારબાદ આરતી ઉતારવામાં આવી હતી. બધા પરિવારોએ આગળ પાછળ માતાજીના દર્શન કર્યા હતા છેલો મુનીસુવ્રત દાદાને થાળ ચડાવવામાં આવ્યો હતો તથા આરતી મંગળ દીવો કરીને ભાવતા ભોજનનો સ્વાદ બધા ભાવીકોએ લીધો હતો.

પ્રથમ વખત આવું આયોજન થયું હતું જે બહુજ સારી રીતે ઉત્સાહ પુર્વક ભાવ પુર્વક બધા પરિવારોએ માણ્યુ હતું બધીજ નુખની નીયાણી બેનોએ સહ પરિવાર પધારીને પહેડીની શોભા વધારી આપી હતી તે બદલ નીયાણી બેનોને ધન્યવાદ અને આભાર.

જમવાની વ્યવસ્થા નવગૃહ મંદિરનાં ભોજન શાળામાં રાખવામાં આવી હતી ને બહુજ ભાવતા ભોજનીયા પીરસીને સારી રીતે પુર્ણ કરવામાં આવ્યું હતું. પહેડીનું પ્રથમ આયોજન હોતાં કોઈપણ જાતની કોઈને પણ તકલીફ થઈ હોયતો મંડળના બધાજ કાર્યકર ભાઈઓ તરફથી મીચ્છામી દુક્કડમ. (જા.ખ.)



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. તથા ત્રીજા રવિવારે શ્રી કાચીગુડાથી મેડચલ ૭૨ જીનાલય તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂા. ૫૦/– માત્ર અને બસના લાભાર્થી નો નકરો રૂા. ૫૧૦૦/–

એપ્રીલ ૨૦૧૮ ના બીજા રવિવારે તા. ૮–૪–૨૦૧૮ ના શ્રી કુલપાકજી તીર્થ યાત્રાનો આયોજન છે. આ યાત્રા દરમ્યાન તીર્થ ક્ષેત્રે મહામાંગલીક નવકાર મહામંત્ર સ્વર્ધાના વિજેતાઓને પારીતોષિકથી નવાજવામાં આવશે. જેનો સંપૂર્ણ અહેવાલ મે ૨૦૧૮ ના નિયપોનાં અંકમાં આપવામાં આવશે. વિજેતાઓને પ્રોત્સાહિત કરવા વધુથી વધુ સંખ્યામાં શ્રી કુલપાકજી તીર્થ ક્ષેત્રે પધારવા  શ્રી સંઘ ભાવભર્યું આમંત્રણ આપે છે.

કોઈ પણ સામાજીક અથવા ધાર્મિક સંસ્થાઓનું સંચાલન સુચારૂ તથા અખંડ પણે ચાલવા દાતાઓનું અનુદાન લખાવી પુણ્યના ભાગીદાર બનશો.

વધારેથી વધારે ભાવિકોને તીર્થ યાત્રા કરાવી અને ધર્મ આરાધના કરવી આ એકજ ધ્યેયથી પ્રેરીત શ્રી સંઘ કાર્યરત છે. તમારા અનુદાનથી ગરીબ ભોજન, ગૌ સેવા, વિવિધ પૂજનનું લાભ મળે છે. એની નોંધ લેશો.

શ્રી સંઘને વધારે મજબુત તથા સુંદર સુંદર  પ્રવૃત્તીઓ માટે તમારા સુચન આવકાર્ય છે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

(જા.ખ.)

**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

# છેલ્લા ૪૨ વર્ષથી આપની આંખોની સેવામાં

## હૈદરાબાદ-સિકંદરાબાદના

## અગ્રગણ્ય હોલસેલ અને રીટેલ ચશ્માના વેપારી



# વોરા ઓપ્ટિક્સ



# હૈદરાબાદ ઓપ્ટીશીયન

૧) આંખોના નીષ્ણાત ડોક્ટર/ઓપ્ટોમેટરીસ્ટ દ્વારા જાપાની કમ્પ્યુટર દ્વારા આપની આંખોની તપાસ.

૨) લેટેસ્ટ ડીઝાઈનની સસ્તી, મીડીયમ, પ્રીમીયમ, બ્રાન્ડેડ ફ્રેમોની વિશાળ રેન્જ.

૩) ઉચ્ચતમ ક્વોલીટીના પ્રોગ્રેસીવ, બાયફોક્લ, ફોટો ગ્રે એન્ટીગ્લેર અને પોલારોઈડ ચશ્માના લેન્સીસની અદ્વિતીય શ્રેણી.

૪) ડેલી પહેરવાના અને બ્રાન્ડેડ, તડકાના ચશ્મા (સન ગ્લાસિસ), ડે એન્ડ નાઈટ ડ્રાઈવીંગના સન ગ્લાસેસની વિશાળ રેન્જ.

૫) ગુજરાતી તમામ ભાઈઓ બહેનો માટે વિશેષ છુટ.

દુનિયાની સર્વશ્રેષ્ઠ બાન્ડસના ઓથીરાઈડસ ઓપ્ટીશીયનસ, રેબાન, વોગ, ઓકલી, ટોમી હીલફીગર પોલીસ અરમાની, મોન્ટ બ્લેન્ક, સીલૌટી બોસ એન્ડ લોમ્બ.

## VORA OPTICS

**Wholesale Optical House**

4-1-355, Shop Nos. 13C / 14C / 21C / 22C,
Malti Naik Plaza,
Hotel Jaya International Lane, Abids,
Hyderabad -500 001.
Ph : 040-66888822 (3 lines) 66888833 (3 lines)

**Vijay Vora - 98490 79797,**
**Rajveer Vora - 8019998877**

## HYDERABAD OPTICIANS

G-26, Kubera Towers
Near Narayanguda Fly Over,
Himayatnagar, Hyderabad - 500 029

**Vimal Vora - 98480 71069**

(જા.ખ.)

# પ્રકૃતિની ગોદમાં વસેલ...

## હૈદરાબાદ પાસે નવનિર્માણ પામેલ વિશ્વ વિખ્યાત
## શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જૈન તીર્થ

**ના સંકુલમાં, ફાર્મ હાઉસ બંગલાની સાથે for sale ફક્ત જૈનો માટે**



- 1500 Sq. Yard ની જમીન પર
- 50 Fruits ના ઝાડ સાથે
- 700 feet નું બોરીંગ કે જે મીઠું પાણી આપે છે.
- જૈન તીર્થથી માત્ર ૨ મિનીટના અંતરે.
- ૨ હૉલ, કિચન, ૩ સુસજીત રૂમ્સ, એટેચ બાથરૂમ
- બંગલો ચારે બાજુથી બાઉન્ડ્રી વોલથી સુરક્ષિત
- હૈદરાબાદથી માત્ર ૩૨ કિ.મી. ના અંતરે

**: Contact :**

**વિજય વોરા - 98490 79797**

**વિમલ વોરા - 98480 71069**

**રાજવીર વોરા - 8019998877**

(જા.ખ.)

# યુવા સમિતિ

સંચાલક : અંકિત એન. વોરા
૯૦૦૦૦ ૧૧૭૭૫

પરિક્ષા પછીનો સમય છે. કેરીયર નક્કી કરવાનો અને દમાણાના યુવાઓ પોતાનું કેરીયર ડિસાઈડ કરવા માટે મુંજાયલા હોય છે.

એમના જાણ માટે : એમની કાબિલીયત, એમના અંદરનુડર, એમની અંદર છુપાવેલ ક્ષમતા બાહર લાવવા માટે અમે લાવ્યા છીએ નવી તકનીક જેનાથી તમે જાણી શકસો તમારા બાળકની યોગ્યતાવિશે, એમની માનષ્કિશક્તિ અને માગજનું વિકસ જેમાં પાંચ ઈન્દ્રીયોનુ તાલમેલ, ભણવામાં યાદ શક્તિનો ઉપયોગ કેવીરીતે ?

અમે લાવ્યા છિએ આપણા સમાજના યુવાઓના વિકાસ માટે :

## "એસેન્ટીવ કંપની ઈંટરનેશનલ"

***એમણે ડિઝાઈન કરી છે. ડી.એમ.આઈ. ટેસ્ટ, જે તમારી ફિંગર પ્રીંટ દ્વારા તમારી શ્રમતા, તમારી ખુબીઓ અને તમારા અંદરનું ડર જણાવશે.***

## વૈજ્ઞાનીક તકનીકથી

**તા. ૨૨-૪-૨૦૧૮, સમય : ૬.૦૦ થી ૮ સાંજના, સ્થળ : કચ્છીભવન**

૧) તા. ૨૨-૪-૨૦૧૮ ના પધારીને જાણો વૈજ્ઞાનિક ટેકનીકના બારામાં...

૨) પ્રેગ્રામ સમજીને રજીસ્ટ્રેશન ત્યાંજ કરવામાં આવશે. ૫૦ મેમ્બરનું જ રજીસ્ટ્રેશન લેવામાં આવશે વહેલો તે પહેલો.

૩) ૨૯-૪-૨૦૧૮ રવિવારનાં કચ્છીભવનમાં કેમ્પ રાખવામાં આવશે જેમા રજીસ્ટર મેમ્બરનેજ બોલાવવામાં આવશે અને એમની આંગળીયોની પ્રીંટ (ડી.એમ.આઈ ટેસ્ટ) કરવામાં આવશે.

૪) અઠવાળીયા પછી તેમને બોલાવ્વામાં આવશે. કંપનીની ઓફિસમાં જ્યા તમને ડી.એમ.આઈ. ટેસ્ટનું રિજલ્ટ સમજાવ્વામાં આવશે.

૫) આ ટેસ્ટનું મુલ્ય બહાર રૂા. ૭૦૦૦/- છે. પણ કે.એમ.એમ. ના મેમ્બર્સ માર્ટ ફક્ત રૂા. ૨૦૦૦/- માં કરવામાં આવશે જેમા પોતાનુ કેરીયર કાઉંસલીંગ, પરસાના લીંટી કાઉનશલીંગ અને ગ્રોથ ટારગેટ. જીવનમાં જરૂર એકવાર તો કરવા જેવો અનુભવ.

❖ ખાસ આજના યુવાઓને વિષય નક્કી કરવા : પોતાનું જોબ પ્રોફાઈલ, પોતાની શિખવાની ક્ષમતા, પોતાના ઉપર વિજય પામવાનું.

❖ માતા પિતાઓ માટે ખાસ નોંધ : આ ટેસ્ટ તમારા બાળકો માટે ખુબ જરૂરી છે. તમને જાણવા મળશે એમની ભણવાની પધ્ધતી, ક્ષમતા અને એમની ભાવુકતાઓ અને તમે તમારા બાળકને સમજી શકશો. નજદીકથી જાણી શકશો.

૧) ૪ વર્ષના અને એના ઉપરની વયના બાળકો માટે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

૨) આ ટેસ્ટ વૈજ્ઞાનિક પધ્ધતીનું છે. જ્યોતીષ શાસ્ત્ર નથી.

હવે સમય છે. કે આપણે જાણીએ કે આજના યુવા સમાજ પ્રતેશું જાણે છે, શું ગ્રહણ કરે છે, સમાજને શું આપે છે. શું આપવા માગે છે. અને સમાજથી શું અપેક્ષા રાખે છે.

## યુવા સમિતિ : પ્રસ્તુત કરશે એકનાટક હું એક કચ્છી ???।।?

આ નાટકના : લેખક, નિરદેશક, સુત્રધાર અને પાત્રી બધા આપણા સમાજના યુવાઓ છે. માટે અમારી નમ્ર વિનંતી છે. કે અમારું ઉત્સાહ વધારવા માટે તમારા બધાની હાજરી જરૂરી છે.

અમારી અપીલ છે યુવાઓને કે આપણે આપણી બિંઝી લાઈફના બે કલાક આ પ્રોગ્રામ માટે સમાજને આપી શકીએ.

૩) આ પ્રોગ્રામ તમને સમાજ પ્રતિ નવી ધ્રષ્ટિ અને કચ્છી થવાનું ગર્વ અનુભ કરાવશે.

માતા-પિતા ઓને અપીલ છે. કે છોકરાઓ સાથે જરૂરથી પધારજો. આ પ્રોગ્રામ ફક્ત કે.એમ.એમ. મેમ્બરો માટે નિ:શુલ્ક છે.

## હક્કી સાંજ સમાજ જે નામ

**તા. ૨૨-૪-૨૦૧૮, સમય : ૬ થી ૮ સાંજના, સ્થળ : કચ્છીભવન**

